શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

ટપુંક

વર્ષ : ૧૧
અંક : ૮

## દુ:ખીને જોઇ કરૂણાવાન; સુખીને જોઇ પ્રસન્ન

દરેક વ્યકિતની મોટા ભાગે આ જ મુંજવણ હોય છે કે જીવન સારી રીતે જીવવાની સાચી રીત કઇ ? સાચી રીત છે : ‘‘દુ:ખીને જોઇ કરૂણવાન બનો અને સુખીને જોઇ પ્રસન્ન થાવ’’

જીવન એક સીડી સમાન છે. જે પગથિયાં પર તમે ઉભા છો તેનાથી નીચે પણ પગથિયાં છે અને ઉપર પણ પગથીયાં છે. દરેક પગથિયે લોકો દેખાશે. તમે અમુક લોકોથી આગળ છો; અમુકથી પાછળ. જીવનની દરેક ક્ષણે આવુ તો રહેવાનું જ.

સ્વસ્થ માનવી એ છે જે સમજે છે કે એની પાસે જે કાંઇ છે – ધનદોલત, સાધન, શરીર સુદ્ધાં – એ ઇશ્વરની થાપણ છે એના પાસે આ એક જાતની સેવા સામગ્રી છે. જેનાથી વિશ્વની સેવા કરવાની છે. તો જયારે પણ દુ:ખી વ્યકિતને જુઓ ત્યારે તેના તરફ કરૂણાવાન થજો અને યથાશકિત તેને મદદગાર થઇ તેનું દુ:ખ દુર કરવા પ્રયત્ન કરજો. ઇશ્વર રાજી થશે અને આશીર્વાદ આપશે.

હવે તમારાથી સમૃધ્ધ કે વધુ માન–સન્માન મેળવનાર વ્યકિતને જુઓ તો પ્રસન્ન થજો. એના ગુણો અપનાવી એના જેવા બનવા પ્રયત્ન કરજો. માનજો કે એ વ્યકિતમાં જરૂર વિશેષ યોગ્યતા છે. જેથી એને તમારા કરતાં વિશેષ પ્રાપ્ત થયું છે.

આપણી તકલીફ શું છે ખબર છે ? આપણે દુ:ખીને જોઇને કરૂણાવાન તો બનીએ છીએ પરંતુ સુખીને જોઇને પ્રસન્ન થતા નથી. કોઇને સુખી જોઇ જાણે–અજાણે કાં તો આપણે એની નિંદા કરવા લાગીએ છીએ અથવા તો હૃદયમાં તે વ્યકિત માટે છૂપો ઈર્ષાભાવ રાખીએ છીએ. આપણે માની જ લઇએ છીએ કે એણે સફળતા સસ્તામાં મેળવી છે, નસીબથી મેળવી છે કે છળકપટથી મેળવી છે. આજથી જ સુખીને જોઇ પ્રસન્ન થતાં શીખી જાવ. જુઓ ! જીવન આખું આનંદથી નૃત્ય કરતું જણાશે.

નલીન ઉપાધ્યાય

(શાંત તોમાર છંદમાંથી સાભાર)

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

*વિદ્યા વિનયથી શોભે છે.*

**વાનીકી વિકાસ તાલીમ**

સહભાગી વન વ્યવસ્થા અંતગર્ત તા ૬,૭ બે દિવસીય ક્ષમતાવર્ધન તાલીમનું આયોજન વલસાડ જીલ્લાના પાનસ મૂકામે કરવામા આવેલું હતું.

શ્રી એન.એમ.પંડયા (રેંજ ફોરેસ્ટ ઓફીસર વાસદ પૂર્વ), શ્રી એલ.જી.ગોહીલ (મદદનીશ વન સંરક્ષક વલસાડ દક્ષિણ), શ્રી ધીરજ ભાલાણી (એ.કે.આર.એસ.પી અમદાવાદ), શ્રી જે.ટી.પંડયા (મદદનીશ વન સંરક્ષક વલસાડ દક્ષિણ) તથા શ્રી કે.બી.પટેલ (મદદનીશ વન સંરક્ષક વલસાડ ઉતર) વગેરે ઉપસ્થિત રહી વનવિભાગને લગતા મુદાઓ પર માહિતી આપી હતી. જેમાં વનસમિતિની નોધંણી, સમિતિની રચના, મંડળીની રચના માટે ગામ લોકોની અને વનવિભાગની મંજૂરી લેવી, સહભાગીતા, સૂક્ષ્મ આયોજન, મોનીટરીંગ અને મૂલ્યાંકન તથા પી.આર.એ ઉપર સવિસ્તાર માહિતી આપવામાં આવી હતી. હરિરાજ સંસ્થાના ટીમ લીડરશ્રી કેતન આહિર તથા કોમ્યુનીટી મોબીલાઈઝર કવિતા ગામિત આ તાલીમમાં જોડાયા હતા.

**પ્રેરણા પ્રવાસ**

તા.૧૦–૧૧ ઓગ. ૦૯ ના રોજ હેન્ડિકેપ ઈન્ટરનેશનલ તરફથી આણંદ તથા દાહોદ મુકામે પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામા આવેલ હતું. જેમાં સંસ્થાના બે કાર્યકરોએ ભાગ લીધો હતો. જેમાં નીચે મુજબના સ્થળોની મુલાકાત લીધી હતી.

બાબુભાઈ ગીરધરભાઈ કોલેજ ઓફ ફિઝીયોથેરાપી–આણંદ, મિત્ર સ્કૂલ–મોગરી

જાગૃત મહિલા સંગઠન સંસ્થા–આંણદ, બ્લાઈન્ડ વેલફેર કાઉન્સેલીંગ તાલીમ સેન્ટર–દાહોદ

ઉપરોકત સંસ્થાઓમાં વિકલાંગતા ધરાવતા લોકોને સમાન અધિકારો અને તકો પ્રાપ્ત થાય તેવી બાબતો સમજવાનો અમરેલી જીલ્લાના સ્વૈચ્છિક કાર્યકરોએ પ્રયાસ કર્યો હતો.

**એડીએનપી ની વાર્ષિક સભા**

અમરેલી જીલ્લાના એચઆઈવી પોઝીટીવ લોકોના કાર્યરત સંગઠનની વાર્ષિક સભા તા.૨૦/૮/૦૯ ના રોજ મળી.

ઉપસ્થિત ૬૦ જેટલા એચ.આઈ.વી પોઝિટિવ વ્યકિતઓનો પરિચય સાથે તેમની દિનચર્યા અને દવાઓ પર જાણકારીનુ આદાન પ્રદાન થયુ હતુ.

પરિચય બાદ મીટીંગની શરૂઆતમાં સંસ્થાના વાર્ષિક અહેવાલ તેમજ એજન્ડા મુજબ કાર્યવાહી હાથ ધરાઈ હતી.

સંસ્થાની સમિતિની રચના કરવા માટે ચૂંટણી કરવામાં આવી હતી.

આ બેઠકમાં સંસ્થાને સહયોગ કરતા શુભેચ્છકો એ ઉપસ્થિત રહી જરૂરી પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરુ પાડયુ હતુ.

***જોઈએ છીએ એક હદય જે દિકરી માટે ધબકતુ હોય.***

## ગાંધીજીના આર્થિક વિચારો

સાદું જીવન : ગાંધીજીના મતે દરેક માનવીએ પોતાની જરૂરીયાતો મર્યાદિત કરવી જોઈએ તથા સાદગીભર્યું જીવન જીવવું જોઈએ એટલે કે Simple living and high thinking ની ભાવના રાખવી જોઈએ. આ રીતે જીવનને સુખી બનાવી શકાય છે.

ગ્રામસમાજ : ગાંધીજીએ ગ્રામસ્વરાજની જે કલ્પના કરી છે તેમાં ગાંધીવાદના મોટા ભાગના લક્ષણોનો સમાવેશ થઈ જાય છે. તેઓના મતે ગ્રામસ્વરાજ ગ્રામ એક સંપૂર્ણ પ્રજાસતાક હોવું જોઈએ

નીતી જ સર્વસ્વ : અર્થશાસ્ત્રને પણ નીતી જોડે સંબંધ છે જ. ગાંધીજીના મતે એક વ્યકિત કે દેશ પોતાના કલ્યાણમાં વધારો કરવા માટે બીજી વ્યકિત કે દેશના કલ્યાણમાં ઘટાડો કરે તો આ નીતીમય અને પાપરૂપ છે.

શ્રમનું ગૌરવ : ગાંધીજી માનતા હતા કે શ્રમયજ્ઞ વિના મેળવેલું અન્ન એ ચોરી સમાન છે અને તે ખાવું પાપ છે. માનવશ્રમ એ કુદરતની ભેટ છે અને તેનો ઉપયોગ સમાજના ઉત્થાન માટે કરવો જોઈએ શ્રમનું ગૌરવ હોવું જોઈએ. વ્યકિતએ પોતાની જરૂરીયાતો પૂર્ણ કરવા જાતમહેનત કરવી જોઈએ.

સર્વોદય : ગાંધીજી હિંસાથી મુકત સમાજવાદની કલ્પના કરી તેને સર્વોદય નામ આપ્યું છે. ગાંધીજી મૂડીવાદીનો નાશ કરવાનું ઈચ્છતા નથી

સ્વચ્છતા : ગાંધીજીના આર્થિક વિચારોમાં સ્વચ્છતા ઉપર ખૂબ જ ભાર મૂકવામાં આવે છે. સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા છે. ઘર, આંગણા, શેરીઓ, સમગ્ર સમાજ સ્વચ્છ હોવો જોઈએ. તેમના મતે તંદુરસ્ત માનવ જ તંદુરસ્ત સમાજનું નિર્માણ કરી શકે.

યંત્રોનો મર્યાદિત ઉપયોગ : ગાંધીજી યંત્રોના વિરોધી ન હતા પરંતુ યંત્રોથી થતુ નુકસાન અને માનવીય શોષણના વિરોધી હતા. ગાંધીજી યંત્રોની મર્યાદા અને ભયસ્થાનો જોઈ શકયા હતા. જે યંત્રોના ઉપયોગથી બેકારીનું સર્જન થતું હોય, માનવીને ગુલામ બનાવાતું હોય, માનવીની કુશળતા, બુધ્ધિ અને શકિતને નકામાં બનાવાતા હોય તેવા યાંત્રીકરણના તેઓ વિરોધી હતા.

મિલકત અંગે વાલીપણાની ભાવના : આ જગત ઉપર બીજી કોઈ પણ રીતો કરતાં ટ્રસ્ટીશિપના સિધ્ધાંત દ્વારા વધુ સારી રીતે આર્થિક સમાનતા ઊભી કરી શકીશું. દરેક વ્યકિતમાં સારાપણું છે તેને તક આપવી જોઈએ.

વિકેન્દ્રીકરણ : મૂડીવાદી કે સમાજવાદી અર્થવ્યવસ્થામાં સતાનું કેન્દ્રીકરણ થોડાઘણા લોકોના હાથમાં થાય છે અને સતાના કેન્દ્રીકરણની કેટલીક દુરોગામી અસરો થાય છે. જેને દૂર કરવા માટે ગ્રામસમૂહો પર આધારિત વિકેન્દ્રીત અર્થવ્યવસ્થા ઊભી કરવા માંગે છે.
(સરદાર જયોતમાંથી સંકલિત અંશો)

**નીરંતર વિકાસ તરફ દોરતી પ્રવૃતિઓ કરીએ.**



## યુવા તાલીમ

સૌરાષ્ટ્ર કચ્છ નેટવર્ક અંતર્ગત ચાલતા સ્ત્રી હિંસા વિરોધી કાર્યક્રમમાં પુરુષોના જોડાણના સંબંધે બનેલા યુવાગૃપના આગેવાનો માટે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર– અમરેલી દ્વારા તા. ૨૨, ૨૩, ૨૪ ઓગષ્ટ એમ કુલ ૩ દિવસીય યુવા નેતૃત્વ તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું.

<u>તાલીમના હેતુઓ :</u>

૧. યુવાનોની મહત્વકાંક્ષા સમજી તેના માટેના સમાનતા, હકારાત્મક, શાંતિ, ન્યાય, માનવ અધિકારોને દિશા તરફ લઈ જવા માટેના ટેકા ઉભા કરવા.

૨. યુવાનોને સક્રિય રીતે આગેવાની લેતા કરવા.

૩. યુવાનોમાં હકારાત્મક દ્રષ્ટિકોણ કેળવાય અને સંઘર્ષને હકારાત્મક દ્રષ્ટિકોણથી જોતા થાય.

૪. યુવાનોની લીડરશીપ જાણવી અને વિકસાવવી.

૫. યુવાનોમાં રહેલી પિતૃસતા સમજવી.

૬. યુવાનોના મનમાં ઉભા થતા વિચારો સમજવા, જેના દ્વારા તેની માનસિકતાનો ખ્યાલ આવી શકે.

***બીજાના અનુભવમાંથી શીખે તે બુધ્ધીશાળી.***

વિવિધ રમતો દ્વારા યુવાનોની મહત્વકાંક્ષા સમજી યુવાનોને સક્રિય રીતે આગેવાની લેતા કરવા. યુવાનોમાં હકારાત્મક દ્રષ્ટિકોણ કેળવાય અને સંઘર્ષને હકારાત્મક દ્રષ્ટિકોણથી જોતા થાય. વગેરે બાબતો આવરી લઇ નીચે મુજબની સમજ બની હતી.

(૧) સંગઠન હશે તો જ કાર્ય સિધ્ધ થશે.

(૨) જેનામાં સતા હોય અને જેનામાં કંઈક કરી છૂટવાની ભાવના હોય તે જ નેતા બની શકે.

(૩) પોતાનામાં હિત કરવાની સારી ભાવના હોય તો પોતે પણ લીડર બની શકે.

(૪) પોતે દુઃખ સહન કરી બીજાને સુખ આપે અને એકતા ઉભી કરી શકે તેવો હોવો જોઇએ.

છેલ્લે તાલીમાર્થીઓના પ્રતિભાવો લઇ તેઓ ગામે જઈ જે પ્રવૃતિઓ હાથ ધરવાના છે તેનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

ખાંભા તાલુકાના ૩૦ યુવાનો માટે યોજાયેલ આ કાર્યક્રમમાં રિસોર્સ પર્સન તરીકે બિપીનભાઈ જોષી, પ્રો. જે.એમ.તળાવીયા,ધીરુભાઇ વાગડીયા, જીજ્ઞાબેન જોષી, આસિતભાઈ ઠાકર તથા અશોકભાઈ શેલારએ માર્ગદર્શન આપ્યુ હતુ. વ્યવસ્થા સંબંધી બાબતો વિજયાબહેન, ધર્મેન્દ્રભાઈ તથા કોમલબહેને સંભાળી હતી. એમ એસ ડબલ્યુના વિદ્યાર્થીની પ્રતિભાબહેને અહેવાલ તૈયાર કરવા અંગેની જવાબદારી લીધી હતી.

**માસ દરમ્યાન કામગીરી**

| | |
|---|---|
| ૧૦/૧૧ | હેન્ડીકેપ ઈન્ટરનેશનલ દ્વારા યોજાયેલ પ્રેરણા પ્રવાસ આણંદ/દાહોદમાં પ્રતિનિધિત્વ. |
| ૧૦/૧૧ | પ્રવાહ દ્વારા યોજાયેલ ક્ષમતાવર્ધન તાલીમ જુનાગઢમાં સંસ્થાના બે કાર્યકરો જોડાયા. |
| ૧૯ | એસ કે વાવ નેટવર્કની ડાયરેકટર મીટીંગ અમદાવાદમાં હાજરી આપી. |
| ૨૦ | એડીએનપી+વાર્ષિક સાધારણ સભા અમરેલીમાં સંસ્થાના પ્રતિનિધિએ ભાગ લીધો. |
| ૨૧ | નાબાર્ડ અમદાવાદ ખાતે અંબ્રેલા પ્રોજેકટની જાણકારી માટેની મિટિંગમાં હાજરી. |
| ૨૨/૨૪ | અમરેલી મુકામે સંસ્થાના કાર્યાલય પર યુવા નેતૃત્વ તાલીમ કાર્યશાળા યોજાઈ. |
| ૨૪ | જોય ઓફ ગીવીંગ વર્કશોપ અમદાવાદ |
| ૨૮ | હરિરાજ દ્વારા SHGsની સમીક્ષા માટે ખાંભા ખાતે પીઆઈએમસી મીટીંગ યોજી. |
| ૨૮ | હરિરાજ દ્વારા બ્યુટીપાર્લર તાલીમ- ખાંભાના તાલીમાર્થીઓની પસંદગી |
| ૨૯ | વિકલાંગતાના મુદ્દે સંગઠનોના પ્રતિનિધિઓની મીટીંગ સંસ્થાના કાર્યાલયે મળી. |
| ૩૧ | સજજતાસંઘની વાર્ષિક સાધારણ સભા - અમદાવાદ ખાતે હાજરી. |

***શિક્ષણ એ સતત ચાલતી પ્રક્રિયા છે.***

## સોનાનો સિક્કો

એક મહાત્મા હતા. તેઓ જંગલમાં ઝૂંપડી બાંધીને રહેતા હતા. તેમનો મોટા ભાગનો સમય પ્રભુભજનમાં પસાર થતો હતો. તેઓ સવારે ને સાંજે જંગલમા જતા. ખાવા માટે ફળ, ફૂલ, મૂળ અને પર્ણો લાવતા. આ રીતે તેઓ પોતાની ક્ષુધા શાંત કરતા હતા.

એક વખત આ મહાત્માને સોનાનો સિક્કો મળ્યો. તેઓ વૈરાગી અને સંતોષી હતા. એમને ધનની જરૂર ન હતી. કોઈ ગરીબને આ સિક્કો આપવાનો એમણે વિચાર કર્યો.

તેઓ પ્રભુભજનમાંથી સમય કાઢી ગરીબની શોધ કરવા લાગ્યા. ઘણી મહેનત કરી ત્યારે એક ડોસી મળી. તે જંગલમાંથી સૂકાં સૂકાં લાકડા કાપતી હતી.

મહાત્મા એની પાસે જઈને કહેવા લાગ્યાઃ 'માજી, મને એક સોનાનો સિક્કો મળ્યો છે. મારે માટે તે નકામો છે. એને કોઈ ગરીબને આપી દેવા મેં વિચાર કર્યો છે. મને લાગ્યું કે તમે ગરીબ છો. ઘરડેઘડપણ તમારે લાકડા લેવા જંગલમાં આવવું પડે છે. આ સિક્કાથી તમને રાહત થશે. ઘણા દિવસ લગી તમારે લાકડાં લેવા આવવું નહિ પડે.' આમ કહી એમણે સોનાનો સિક્કો માજી સામે ધર્યો.

ડોસી બોલીઃ 'મહાત્માજી, હું મહેનતું છું, પણ ગરીબ નથી. મહેનત મારો ધર્મ છે. ધર્મ વગર હું રહી શકતી નથી. મને કામથી પ્રસન્નતા મળે છે. શરીર સારું રહે છે. કકડીને ભૂખ લાગે છે. હરામનું ખાઉં તો જલદી પ્રભુના ઘરે પહોંચી જાઉં. લો, તમે આવ્યા છો તો માથે ભારો મૂકાવો.'

ડોસીનો જવાબ સાંભળી મહાત્મા સડક થઈ ગયા. ડોસીના જવાબમાં ધર્મ અને જીવનનો મહિમા ભર્યો હતો. અભણ હોવા છતાં જ્ઞાનીને શરમાવે એવી એમની વિચારધારા હતી. મહાત્મા સિક્કો લઈને ઝૂંપડીએ પાછા આવ્યા.

વળી એક દિવસ એમને મજૂર મળ્યો. એનાં કપડા ફાટયા તૂટયા હતાં. માથે મેલું ફાળિયું હતું. પગમાં પગરખા ન હતા. મૂછ, દાઢી અને માથાના વાળ વધેલા હતા.

મહાત્મા સોનાનો સિક્કો લઈ એની પાસે ગયા કહેવા લાગ્યાઃ 'ઓ શ્રમિકભાઈ, મને એક સોનાનો સિક્કો મળ્યો છે. મારે માટે તે નક્કામો છે. આ સિક્કો ગરીબને આપી દેવા મેં વિચાર કર્યો છે. તને મહેનત કરતા જોઈ, તારા કપડાલતા જોઈ તને મે ગરીબ જાણ્યો છે. માટે આ સિક્કો તું લઈ લે.' આમ કહી મહાત્માએ તેની સામે સિક્કો ધર્યો.

મજૂર કહે : 'મહાત્મા, શ્રમ અને નિષ્ઠા મારા દેવ છે. મારા દેવ હાજરાહજૂર છે. આ દેવ મને કોઈ દિવસ ભૂખ્યો રાખતા નથી. એમની કૃપાથી લોકો મને કામ આપે છે. સમાજમાં મારી ઈજ્જત છે. હું અણહકનું લેતો નથી. હું

**સફળતા તેને જ વરે જે પરસેવે ન્હાય.**

મજૂર છું પણ ગરીબ નથી. તમારો સિક્કો હું લઈશ નહિ.'

મહાત્મા બીજી વાર સિક્કો લઈને ઝૂંપડીએ આવ્યા. એવામા એક રાજા સૈન્ય લઈને બીજા રાજા પર ચડાઈ કરવા ત્યાંથી પસાર થયા. મહાત્મા એની પાસે ગયા એના હાથમા સિક્કો આપી કહેવા લાગ્યાઃ 'હે રાજા તું ગરીબ છે એટલે તને આ સિક્કો આપું છું.' આ સાંભળી રાજા ગુસ્સે થઈ ગયો.

મહાત્માએ એને શાંત કરતા કહયુંઃ 'થોડાક સમય પહેલા આ સિક્કો મને મળ્યો હતો. મારા માટે કશાય કામનો ન હતો કોઈ ગરીબને આપવાનો વિચાર કર્યો મને એક ડોસી અને એક મજૂર મળ્યો. મને એમ કહીને આ સિક્કો લીધો નહિઃ' અમે મહેનત અને સચ્ચાઈથી પેટ ભરીએ છીએ. આ બંને દેવ અમારા પર સદાય કૃપાળુ છે. અમે કદી અણહકનું ખાતા નથી અમે ગરીબ નથી.

'રાજા હવે તારી વાત કરું તને ભગવાને રાજપાટ આપ્યું છે તારા ભંડારો ધનથી ભરેલા છે વૈભવમા તું આળોટે છે તારે મહેલનો પાર નથી તારો પડયો બોલ ઝીલનારા હજૂરીયાઓનો તોટો નથી છતા તને એ ઓછું પડે છે વધારે મેળવવા તું બીજા પર ચડાઈ કરે છે. એનું પડાવી લેવા તું નિર્દોષ લોકોનું લોહી વહેવડાવવા માંગે છે માટે તું ગરીબ છે. જો તું ગરીબ ન હોય તો પાછો વળી જા.'

આ સાભંળીને રાજાનો ગુસ્સો ઓગળી ગયો. એ મહાત્માના પગમાં પડીને પાછો વળી ગયો. ખરેખર મહાન પુરૂષોના શબ્દો મહાન હોય છે. એમાં અપાર શકિત ભરેલી હોય છે.

(સાભાર–સાધના)

### સહભાગી અભિગમ શા માટે ?

- ❑ વ્યકિતગત અને વ્યવસાયિક મૂલ્યો, ધોરણો અને વલણો વિકસાવવા.
- ❑ સ્થાનીક લોકોના પ્રશ્નો સમજવા.
- ❑ સંસ્થાનું માળખું, પ્રવૃતિની શૈલી વ્યવસ્થાપનની રીતનો વિકાસ કરવો.
- ❑ તાલીમના અભિગમો અને પધ્ધતિઓમાં પરિવર્તન લાવવા.
- ❑ વિકાસ અને સહભાગી વિચારસરણીના અમલીકરણ સાથે સંકળાયેલી દરેક વ્યકિતઓ વચ્ચે સંવાદ કેળવવો અને માહિતીની વહેચણી કરવી.
- ❑ નાણાકીય મદદ આપનાર સંસ્થાઓની નીતિઓનું વ્યવહારુ અમલીકરણ.
- ❑ સ્થાનીક લોકોને સામર્થ્યને વિકાસની પ્રક્રિયાનાં ભાગીદાર બનાવવા.
- ❑ સ્વ વિકાસ તરફ વાળવા / અભિમુખ કરવા.

**મૌનનો મહિમા અખંડ છે.**

## પ્રવાહ ક્ષમતા વર્ધન કાર્યશાળા

પ્રવાહ સૌરાષ્ટ્ર–૨ દ્વારા તા.૧૦,૧૧ ના રોજ જુનાગઢ ખાતે ૨ દિવસીય ક્ષમતાવર્ધન કાર્યશાળા યોજાઇ હતી. આ કાર્યશાળામાં અમરેલી, ભાવનગર, જુનાગઢ તથા અમદાવાદ એમ ૪ જીલ્લાઓની સંસ્થાના કાર્યકરો મળી કુલ ૨૫ જેટલા સભ્યોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં પ્રવાહ સૌરાષ્ટ્ર–૨ ના રીજનલ કોઓર્ડિનેટર અરવિંદભાઇ પનોત,પીએલસી વોટસન માંથી પ્રવિણભાઇ ભીકડીયા, સંગીતાબેન તથા ઉત્થાનમાંથી ભરતભાઇ ઉપસ્થિત રહયા હતા.

જેમાં ઈકો સેનીટેશન, સ્વચ્છતા, આર. ઓ પ્લાન્ટ, તથા રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેધરી યોજના વિશે વિસ્તૃત માહિતી આપી, તે દરેકને લાગુ પડતી ફિલ્મો તથા સ્લાઇડ શો દેખાડી તાલીમાર્થીઓને માહિતગાર કર્યા હતા. જેથી તે પોતાના ગામમાં તથા ફિલ્ડના ગામોમાં જઇ લોકોને વિસ્તારથી સમજાવી શકે.

બે દિવસીય કાર્યશાળામાં લોકોની અપેક્ષાઓને પણ ધ્યાનમાં રાખી તે મુદ્દાઓ પર ટૂંકમાં માહિતી આપી હતી. પોતાના અનુભવો તથા તાલીમાર્થીના પ્રશ્નોની આપ–લે કરી હતી.

અંતમાં આવેલ દરેક સભ્યોના પ્રતિભાવો લઇ હવે પછીની કાર્યશાળામાં કેવા– કેવા મુદ્દાનો સમાવેશ કરવો તેની ચર્ચા કરી, આ તાલીમ પુર્ણ કરવામાં આવી હતી.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. L2/41/G-AMI-91/2008
Valid Upto 31/12/2011

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સ્વચ્છ પાણીને ગામની સફાઇ એમાં જ આપણા સૌની ભલાઇ.**